# **-: પ્રેસનોટ :-**

અમદાવાદ શહેરમાં CSITMS (City Survellience and Intelligent Traffic Management System) અંતર્ગત CSITMS CCTV કંન્ટ્રોલ રૂમ દ્વારા ટ્રાફીક નિયમોનો ભંગ કરનાર વાહન ચાલકોને CCTV કેમેરામાં ઝડપી લઇ વાહન ચાલકનાં ફોટા,સ્થળ અને સમયની વિગત સાથે ઇ-ચલણ જારી કરવાની કામગીરી હાલમાં ચાલુમાં છે. એમ.એક્ટ કલમ ૧૩૩ જોગવાઇ હેઠળ ઇશ્યુ કરવામાં આવેલ ઇ-ચલણ કસુરદાર વાહન ચાલક તે ઇ-ચલણનો દંડ મેળવેલ ઇ-ચલણ સાથે મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીની કચેરી, મીઠાખળી છ રસ્તા ખાતે નોટીસ ટેબલ, ટ્રાફીક પોલીસ સ્ટેશન કે શહેરનાં કોઇપણ પોલીસ સ્ટેશનનાં પી.એસ.ઓ.નો સંપર્ક કરી નોટીસમાં દર્શાવેલ રકમનો સ્થળ દંડ ભરી તે અંગેની રસીદ મેળવે છે.

ઇ-ચલણનો દંડ આધુનિક ઓનલાઇન સિસ્ટમથી ભરવા નાગરિકો તરફથી મળેલ રજુઆત અન્વયે નાગરિકોને રાહત મળી રહે તે હેતુસર ઇ-ચલણનાં નાણાં ઓનલાઇન ઇ-પેમેન્ટથી ભરવાની સુવિધા પુરી પાડવા અર્થે અમદાવાદ શહેર ટ્રાફીકનાં ઇ-ચલણનું ઓનલાઇન પેમેન્ટ ગેટ-વે નાગરિકો માટે હાલ કાર્યરત કરવામાં આવેલ છે. જેનાં દ્વારા નાગરિકો તેઓને ઇશ્યુ કરવામાં આવેલ ઇ-ચલણનો દંડ ઓનલાઇન સિસ્ટમથી ભરી શકશે. જે અંગેની વેબ લીન્ક નીચે જણાવ્યા મુજબ છે.

**https://Payahmedabadechallan.org/**

સદરહું વેબ લીન્ક ઓપન કરી કસુરદાર વાહન ચાલકે ઇ-ચલણમાં દર્શાવેલ વાહનનો રજીસ્ટ્રેશન નંબર,ડ્રાઇવિંગ લાયસન્સ નંબર, મોબાઇલ નંબર વિગેરે વિગતો સ્ટેપ બાય સ્ટેપ ભરી ટ્રાફીક ઇ-ચલણનો દંડ ઓનલાઇન પેમેન્ટ કરી શકશે. અમદાવાદ શહેર ટ્રાફીક પોલીસ દ્વારા આ કેસલેસ સુવિધા નાગરિકો માટે કાર્યરત કરવામાં આવેલ છે. જેનો નાગરિકોએ બહોળા પ્રમાણમાં ઉપયોગ કરવા અનુરોધ કરવામાં આવે છે.

**( ડૉ.સુધિરકુમાર દેસાઇ )**
અધિક પોલીસ કમિશ્નર
ટ્રાફીક, અમદાવાદ શહેર **ઇ/ચા.**